જા.નં./મા-૨/૨૦૨૪/ ૮૦૫૦૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૦/૦૭/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક શાળાઓ, તમામ
જિ - સુરત.

વિષયઃ-વાયરલ એન્કેફેલાયતીસ (ચાંદીપુરા) બાબતે વિદ્યાર્થી અને વાલીને અવગત કરવા બાબત.
સંદર્ભઃ-સુરત મહાનગરપાલિકા મુગલીસરાના તા.૧૯/૦૭/૨૦૨૪ પત્ર ક્રમાંક નં.પીએચડી/વીએસસી/૭૦૯

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ઉક્ત સંદર્ભપત્ર અનુસાર હાલમાં ગુજરાત રાજયમાં ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના અમુક તાલુકાઓમાં વાયરલ એન્કેફલાયતીસ (ચાંદીપુરા વાયરસ) ના શંકાસ્પદ કેસો નોંધાવા પામેલ છે. ચાંદીપુરા વાયરસ એ સામાન્ય રીતે રેતીમાખી દ્રારા ફેલાય છે. સામાન્ય રીતે ચેપગ્રસ્ત સેન્ડ ફલાય (રેતી ની માખી) ના કરવાથી બ્લડમાં વાઇરસ પહોચતા એનું સંક્રમણ થઇ શકે છે. આ જોખમ ૦ થી ૧૪ વર્ષની ઉમરના બાળકોને વધારે હોય આ રોગથી બચવા ઉક્ત સંદર્ભપત્રની સૂચનાની અમલવારી કરવી તથા શાળાના વિદ્યાર્થી અને વાલીઓને આ બાબતે જાગૃત કરવા તમામ શાળાઓને જાણ તથા અમલ સારૂ.

Joshi

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ડૉ. પ્રદીપ ઉમરીગર(MBBS, DPH)
આરોગ્ય અધિકારી

સુરત મહાનગરપાલિકા
મુગલીસરા–૩૯૫૦૦૩

નં.પીએચડી/વીએસસી/ ૭૦૯
તા.૧૯/૦૭/૨૦૨૪

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સુરત.

વિષય :– વાયરલ એન્કેફેલાયતીસ (ચાંદીપુરા) બાબતે તમામ શાળાઓમાં પ્રચાર–પ્રસારની કામગીરી કરાવવા બાબત.

હાલમાં ગુજરાત રાજ્યમાં ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના અમુક તાલુકાઓમાં વાયરલ એન્કેફેલાયતીસ (ચાંદીપુરા વાયરસ) ના શંકાસ્પદ કેસો નોંધાવા પામેલ છે. ચાંદીપુરા વાયરસ (CHPV) એ સામાન્ય રીતે રેતીમાખી દ્વારા ફેલાય છે, સામાન્ય રીતે ચેપગ્રસ્ત સેન્ડ ફલાય(રેતી ની માખી) ના કરડવાથી બ્લડમાં વાઇરસ પહોચતા એનું સંક્રમણ થઈ શકે છે, સેન્ડ ફલાય મુત્વે લીપણવાળા કાચા મકાનો તેમજ દીવાલોની તિરાડ અને છિદ્રોમાં રહે છે.

વાયરલ એન્કેફેલાયતીસ (ચાંદીપુરા) નું જોખમ ૦ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોને વધારે હોય આ રોગથી બચવા શું કરવુ – શું ન કરવુ તે અંગેની સમજ તમામ બાળકોને આપવી જરૂરી હોય, તમામ શાળાના આચાર્યશ્રીઓને શાળાની નજીકના શહેરી આરોગ્ય કેન્દ્રો/શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્રોના મેડીકલ ઓફિસરના સંકલનમાં રહી શાળાના તમામ બાળકોને વાયરલ એન્કેફેલાયતીસ (ચાંદીપુરા) રોગ વિષે સમજણ આપવા તથા પ્રચાર–પ્રસારની કામગીરી કરાવવા માટે આપની કક્ષાએથી જાણ કરવા વિનંતી.

આભાર સહ

બિડાણ :– સ્વાસ્થ્ય વિભાગ દ્વારા આપવામા આવેલી માર્ગદર્શિકા

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક :
તારીખ :
સંખ્યા :
સહી :-

આરોગ્ય અધિકારી
સુરત મહાનગરપાલિકા

# ઓળખો આ છે
# બાળકો માટે જોખમી સેન્ડ ફ્લાય





## સેન્ડફ્લાય કઈ જગ્યાએ રહે

- સેન્ડ ફ્લાય ઘરની અંદરની બાજુએ કાચી કે પાકી દિવાલ પર ભેજવાળા વાતાવરણમાં.



## સેન્ડફ્લાય ની ઉત્પત્તિ

- સેન્ડ ફ્લાય તેની ઉત્પત્તિ માટે ઈંડા મુકે છે તેમાંથી મચ્છરની જેમ ઇયળ, કોશેટો અને તેમાંથી પુખ્ત માખી બને છે. આ સેન્ડ ફ્લાય નરી આંખે જોઈ શકાય તેવી સામાન્ય માખી કરતા ચાર ગણી નાની હોય છે.

- સેન્ડ ફ્લાય ઘરની અંદરની બાજુએ તેમજ બહારની પાકી કે કાચી દિવાલ પરની તીરાડો તેમજ ભેજવાળા વાતાવરણમાં ઈંડા મુકે છે.

- ગ્રામ્ય વિસ્તારોના ઘરોમાં ખાસ કરીને ગાર-લીપણવાળા ઘરોમાં દિવાલની તિરાડો તેમજ દિવાલમાં રહેલા નાના છિદ્રોમાં રહે છે.



## સેન્ડફ્લાય દ્વારા ફેલાતા રોગો

- સેન્ડ ફ્લાય ચાંદીપુરમ અને કાલા આઝાર જેવા રોગોના ફેલાવા માટે જવાબદાર છે.

- એક પ્રકારના વાઈરસને કારણે ચાંદીપુરમ વાઈરલ તાવ તેમજ કાલા આઝાર રોગ થાય છે. જેના ફેલાવા માટે સેન્ડફ્લાય જવાબદાર છે.

- આ રોગ સામાન્ય રીતે ૦ થી ૧૪ વર્ષના બાળકોમાં (રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોવાના કારણે) જોવા મળે છે.

# ઓળખો આ છે
# બાળકો માટે જોખમી
# સેન્ડ ફ્લાય





## સેન્ડફ્લાયથી ફેલાતા ચાંદીપુરમ તાવ રોગના લક્ષણો

- બાળકને સખત તાવ આવવો
- ઝાડા થવા
- ઉલ્ટી થવી
- ખેંચ આવવી
- અર્ધભાન કે બેભાન થવું.



## સેન્ડફ્લાયથી થતા તેના દ્વારા ફેલાતા રોગોથી બચવા માટેના ઉપાયો

- સેન્ડફલાયથી બચવા માટે ઘરની દિવાલોમાં અંદરના તેમજ બહારના ભાગમાં રહેલ છિદ્રો તેમજ તિરાડોને પુરાવી દેવી જોઈએ.
- ઘરની અંદરના ભાગે શક્ય હોય ત્યાંસુધી હવા ઉજાસ (સૂર્ય પ્રકાશ આવે) રહે તેવી વ્યવસ્થા કરવી.
- ૧૪ વર્ષ સુધીના બાળકોને જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીમાં સુવરાવવાનો આગ્રહ રાખો.
- બાળકોને શક્ય હોય ત્યાં સુધી ખુલ્લા શરીરે ઘરની બહાર આંગણામાં (ધુળમાં) રમવા દેવા નહીં.
- ઉપર જણાવેલ લક્ષણો દેખાતા સરકારી દવાખાને દર્દીને તાત્કાલિક સારવાર માટે દાખલ કરવા.